# પ્રાંતિજના તાજપુર પાસે કાર પલટી મારતા ત્રણના મોત

## અમદાવાદથી ઉદેપુર જઈ રહેલા પરિવારના સભ્યોને કાળ ભરખી ગયો : અન્ય બે ને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર પાટીયા નેશનલ હાઈવે આઠ ઉપર સાંજના સમયે અમદાવાદ બાજુથી આવતી કારચાલકે કાર ઉપરથી



કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ ગરનાળા સાથે ધડાકાભેર અથડાતા કારમાં સવાર આઠ માસના બાળક સહિત બે મહિલાના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા.

પ્રાંતિજના તાજપુર પાસે અમદાવાદથી રાજસ્થાન તરફ જઈ રહેલ સીફ કાર નં. આર.જે.૨૭.સીડી.૬૦૬૬ નંબરની કાર ફુલફાસ્ટ આવતી હતી ત્યારે અચાનક ચાલક દ્વારા સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા રોડ ઉપર ત્રણથી ચાર પલ્ટી ખાઈ જઈ પાસે આવેલ ગરનાળા સાથે ટકરાતા ઘટનાસ્થળે જ કારમાં સવાર એક દોડ વર્ષ ઉમંગ નરેશભાઈ કલાલ સહિત એક ૬૦ વર્ષના વૃદ્ધા અરસીદેવી કલાલ અને એક મહિલા ગંગાદેવી કલાલ ઉં.વ. ૪૮નું અકસ્માતમાં ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. જ્યારે ત્યાંથી પસાર થતાં લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને ફોન કરતા ૧૦૮ ઘટનાસ્થળે દોડી આવી હતી અને અન્ય બે ઈજા પામેલ નરેશભાઈ કલાલ ઉં.વ. ૩૫, વર્ષાબેન નરેશભાઈ ઉં.વ. ૩૦ પતિ પત્નીને અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે પ્રાંતિજ પોલીસ પી.આઈ. ટી.બી. રાઠોડ પણ તેમની ટીમ સાથે દોડી આવ્યા હતા અને રોડ ઉપર ટ્રાફિક હળવો કર્યો હતો.



## પ્રાંતિજ ખાતે સ્વ. સ્વાતંત્ર્ય સેનાની સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રાંદલ-મહાકાળી માઈ મંડળ દ્વારા સ્વાતંત્ર્ય સેનાની સ્વ. ઈશ્વરભાઈ દેસાઈભાઈ પટેલની ૨૪મી પુણ્યતિથિ નિમિત્તે આંગણવાડીના બાળકોને ભોજન આપી ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ પૌરાણિક મંદિર ખાતે ચોકમાં આવેલ સ્વાતંત્ર્ય સેનાની સ્વામી ઈશ્વરભાઈ પટેલની ૨૪મી પુણ્યતિથિ નિમિત્તે સ્મણાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ-તલોદ પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી, પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, જાયન્ટસ પ્રમુખ રાજેશભાઈ, સતિષભાઈ પંડ્યા, સુનીલ દાસજી મહારાજ, મંદિર વ્યવસ્થા સ્થાપક શૈલેષભાઈ ત્રિવેદી, રતિભાઈ ટેકવાણી, નટુભાઈ બારોટ, અવનિશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# તલાટીની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ ટ્રાફિકમાં ફસાયા

## નેતા આવવાના હોય તો પોલીસ પહેલેથી જ તમામ રસ્તા સાફ કરી ટ્રાફિક હટાવી દે છે તો પછી વિદ્યાર્થીઓ ટ્રાફિકમાં ફસાય છે ત્યારે પોલીસ ક્યાં જાય છે : વિદ્યાર્થીઓનો આક્રોશ

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીને રેવન્યુ તલાટીની પરીક્ષા આપવી પડી ભારે, વિદ્યાર્થીઓ કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા. કોઈ નેતા આવવાનો હોય તો પોલીસ પહેલેથી જ તમામ રસ્તા સાફ કરી ટ્રાફિક હટાવી દે છે તો પછી વિદ્યાર્થીઓ ટ્રાફિક ફસાય છે ત્યારે પોલીસ ક્યાં જાય છે તે એક મોટો સવાલ ઉભો થાય છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા સહીત આજે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ભારે ટ્રાફિક જોવા મળ્યું હતું અને વાહનોની લાંબી કતારો સર્જાઈ હતી હવે જો વાત કરવામાં આવે રેવન્યુ તલાટીની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓની તો આજે વહેલી સવારથી ડીસા અને પાલનપુરના જાહેર રસ્તા વાહનોથી ઉભરાવવા લાગ્યા હતા અને પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને આ ટ્રાફિકનો સામનો કરી પરીક્ષા આપવી પડી હતી. તો બીજી તરફ પરીક્ષા આપી પરત ફરી રહેલા વિદ્યાર્થીઓને પોતાના ઘરે જવા માટે પણ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડ્યું હતું. ભારે ટ્રાફિકને લઈ બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતના બનાવો પણ સામે આવ્યા હતા અને પરીક્ષા




આપી પરત ફરી રહેલા વિદ્યાર્થીઓને નાની મોટી ઈજા પણ થઈ હતી. તો બીજી તરફ લોકો જણાવી રહ્યા હતા કે જ્યારે જિલ્લામાં કોઈ નેતા આવવાનો હોય ત્યારે પોલીસ પહેલેથી જ સજાગ બની પોતાના કામે લાગી જાય છે અને જાહેર રસ્તા પર ટ્રાફિક ન સર્જાય તેનું ધ્યાન રાખે છે. તો પછી વિદ્યાર્થી ટ્રાફિકમાં ફસાય છે ત્યારે પોલીસ ક્યાં જાય છે તે એક મોટો સવાલ ઉભો થાય છે. આ ટ્રાફિક અને ટ્રાફિકમાં ફસાયેલાના વિદ્યાર્થીના દશ્યો જ બતાવી દે છે કે બનાસકાંઠામાં પોલીસની કામગીરી કેવી છે.

## ભિલોડાના વાંસળી ગામમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા આયોજીત વ્યસન મુક્તિ મહાકુંભ અંતર્ગત અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી ગામમાં ઠાકોર ક્ષત્રિય સેના ધ્વારા વ્યસન મુક્તિ સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે મગનજી ઠાકોર, કાળુજી ઠાકોર, રામસિંહ ઠાકોર, કરણજી ઠાકોર, રમેશજી ઠાકોર, લખાજી ઠાકોર, કેશુભાઈ ઠાકોર, કલ્પેશભાઈ ઠાકોર, જયેશભાઈ ઠાકોર સહિત ઠાકોર ક્ષત્રિય સેનાના હોદ્દેદારો, કાર્યકરો, ઠાકોર સમાજના સામાજીક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા ઠાકોર ક્ષત્રિય સેના પ્રમુખએ જણાવ્યુંહતું કે શિક્ષણનો મહાકુંભ અને ઠાકોર સમાજને વ્યસન મુક્ત બનાવવા ભગીરથ પ્રયત્નો કરાઈ રહ્યા છે.




## લાયન્સ ક્લબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા ધો. ૧૦ના વિદ્યાર્થીઓ જોગ

લાયન્સ ક્લબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા ધો. ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી મિત્રો (એસ.એસ.સી.) બોર્ડની પરીક્ષાની તૈયારી માટેનો ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી તથા અંગ્રેજીનો પેપર સેટ બહાર પાડવામાં આવેલ જે વિદ્યાર્થીઓને વીના મુલ્યે આપવામાં આવેલ જે પેપર સેટમાં ૧૫ પ્રશ્નપત્રો વિરાટભાઈ ભાવસાર, ઉષાબેન પટેલ, પ્રવિણભાઈ નાયી તથા પરફેક્ટ ગૃપ (સાયન્સ ક્લાસીસ)ના સહયોગથી તૈયાર કરવામાં આવેલ. આ પેપર સેટનું અનાવરણ ફેઈથ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે કરવામાં આવેલ જેમાં લાયન્સ ક્લબ પ્રમુખ બ્રિજેશ પટેલ, મંત્રી મોહનભાઈ નાયી, ટ્રસ્ટી નીસર્ગભાઈ પંડ્યા, હિતેશભાઈ પટેલ, બ્રિજેશભાઈ, આર. આઈ. જોષીની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસાના દોલપા તળાવના બગીચામાં પ્રવેશ ફી લેવાશે

મોડાસા, તા. ૨૯

મોડાસાનગરના ઓધારી ગાર્ડનમાં પ્રવેશવા જરૂરી ફી વસુલવા અને નગરમાં પ્લાસ્ટીકના વપરાશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવા માટે પાલીકા સત્તાધીશો કટીબદ્ધ હોઈ માટેના જરૂરી ઠરાવ આગામી બજેટ સભામાં રજુ કરવાનો નિર્ણય કરાયો છે. જ્યારે છેલ્લા ત્રણ માસથી જુદા જુદા કારણોથી અટવાઈ રહેલ કારોબારી સહિતની વિવિધ સમિતિઓની રચના આગામી અઢી વર્ષની મુદતે કરવામાં આવનાર હોવાનું જણાયું છે.

ભાજપ શાસિત મોડાસા નગરપાલિકાની આગામી સામાન્ય સભા ૨જી માર્ચના રોજ પાલીકાના શ્રી મ.ગા. ગાંધી સભાખંડમાં યોજાનાર છે. બજેટ સભામાં પાલીકાનું વર્ષ ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર રજુ કરાશે. બજેટમાં સભવતઃ શાસનના પહેલા વર્ષમાં કોઈ પણ પ્રકારના વેરાઓના દરમાં વધારો કરાય તેમ જણાતુ નથી પરંતુ નગરના ઓધારી બગીચામાં પ્રવેશવા માટે પ્રવેશ ફી વસુલવાને લગતો નિર્ણય સભામાં કરવામાં આવનાર હોવાનું સૂત્રો દ્વારા જણાવાયું હતું.

## ડૉ. સંતોષ દેવકરનું ગોવા ખાતે સન્માન કરાયું

### મોડાસાની લાટીવાળા ડી.એલ.એડ. કોલેજ સહિત સમગ્ર અરવલ્લી જિલ્લાનું ગૌરવ વધાર્યું

મોડાસા, તા. ૨૯

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ભારત સરકાર દ્વારા ન્યુ એજ્યુકેશન પોલીસી અંતર્ગત રીજીયોનલ કોન્સ્યુલેશન ઓન ન્યુ એજ્યુકેશન પોલીસી વેસ્ટઝોનની એક રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સનું આયોજન ગોવા ખાતે કરવામાં આવ્યું હતું. માનવ સંશાધન વિભાગ દ્વારા કોન્ફરન્સનું આયોજન થયું હતું. નવી શિક્ષણ નીતિ અંગે મોડાસાના કેળવણીકાર ડૉ. સંતોષ દેવકરે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોન્ફરન્સમાં ઉપસ્થિત ગોવાના મુખ્યમંત્રી લક્ષ્મીકાન્ત પરસેકર ગોવા યુનિવર્સિટીના વીસી સતીષ શેટ્ટી ચેરપર્સન ડૉ. સુષ્મા કિરતાની, ઓપન હાઉસે પ્રશંસા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. સંતોષ દેવકરે કુલ ૧૧ પુસ્તકોનું લેખન અને સંપાદન કરેલું છે અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળમાં ગુજરાતી વિષયના પુસ્તકો ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૯ અને ૧૦માં લેખન કરેલું છે. કોલેજ મંડળના પ્રમુખ નવીનચન્દ્ર આર. મોદી, ઉપપ્રમુખ સુભાષભાઈ શાહ તથા ટ્રસ્ટી ડૉ. અરૂણભાઈ શાહે અભિનંદન પાઠવ્યા હતા. જેસીઆઈ મોડાસા તથા જાયન્ટસ મોડાસાના સભ્યોએ અભિવાદન કર્યું હતું.



ભારતના માનવ સંશાધન વિકાસ વિભાગ દ્વારા મોડાસાના શિક્ષણવિદ્ ડૉ. સંતોષ દેવકરને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ પછી નવી શિક્ષણ નીતિના સંદર્ભમાં આયોગના સેક્રેટરી પ્રિયાંક કાનૂંગો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કોન્ફરન્સ અંતર્ગત ડૉ. સંતોષ દેવકરે બાળકોને એમના જીવનમાં 'સ્પેસ' મળવી જોઈએ તે બાબતે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જે વિચારોની

## અમલાઈ પ્રાથમિક શાળાની બાળકીને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ નવજીવન મળ્યુ

મોડાસા, તા. ૨૯

મોડાસા તાલુકાની અમલાઈ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને ઈસોફેજીયલ ટ્રિકચર નામની ગંભીર બિમારી થતાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સફળ ઓપરેશન થતાં બાળકીને નવજીવન મળ્યુંછે. અમલાઈ પ્રાથમિક શાળામાં ધોરણ-૫ માંઅભ્યાસ કરતી વિદ્યાર્થીની લક્ષ્મીબેન સોમાભાઈ પગીને ઈસોફેજીયલ ટ્રિક્ચર નામની ગંભીર બિમારી થતાં મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાઈ હતી. સારવારમાં ઓપરેશનનો ખર્ચ રૂપિયા બે લાખ કરતાં પણ વધારે હોવાથી વિદ્યાર્થીનીના પરિવારના માથે આભ તુટી પડ્યુંહતું. આ વાતની જાણ અમલાઈ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ભાવનાબેન લોન્ચા તેમજ શિક્ષક દશરથભાઈ એમ. પ્રજાપતિને થતાં તાત્કાલિક વિદ્યાર્થીનીના વાલીનો સંપર્ક કરી શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત નિદાન કરાવવાની વાત કરીને વાલીની સાથે રહી ગાંધીનગરથી બાળક હેલ્થ કાર્ડ મેળવીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તા. ૨૧ના રોજ વિદ્યાર્થીનીને થયેલ ગંભીર બિમારીનું



કોઈપણ પ્રકારના ખર્ચ વગર સફળ ઓપરેશન થતાં પરીવારમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ છે. શાળાના મુખ્ય શિક્ષક ભાવનાબેન તથા સ્ટાફે કરેલ પ્રશંસનીય કામગીરી બદલ અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ છાકછુઆક તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.પી. ઝાલાએ શાળાના શિક્ષકોની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## મોડાસાની મદની હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૨૯

આજરોજ અરવલ્લી જિલ્લામાં આવેલી મોડાસાની મદની પ્રાથમિક શાળા અને મદની




હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં જ. શબ્બીરહુસેન જી. ખાનજી, અ. રજ્જાકભાઈ આઈ. સુથાર (જીએ.એસ.), ગુલામહુસેન જી. ઝાઝ, મોહંમદઆરીફ આઈ. ચિસ્તી, ઈબ્રાહીમભાઈ ડી. ભુરા, મોહંમદસફી ડી. કાંકરોલીયા, સલીમભાઈ જે. સિંધી, મોહંમદ સલીમ એન. ખોખર, મો. સલીમ એમ. પટેલ, સિકંદરભાઈ વાય. સુથાર (રાજા બાબુ), મીયાંઉમર એ. પટીવાલા, મોહંમદયુનુસ એચ. બલોચ, સાબીરહુસેન એસ. કુશ્કીવાલા, ગુલામમોહ્યુદીન જી. ખાનજી, સઈદ અહેમદ એ. ભુરા, મહોસીન એમ. બુલા, સુલતાન આઈ. મલિક, માસુમખાન એ. પઠાણ હાજર રહ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા સરસ મજાનો સાંસ્કૃતિક પ્રોગ્રામ યોજાયો હતો. સ્વાગત પ્રવચન સુલતાન આઈ. મલિક સાહેબ અને આભારવિધિ માસુમખાન પઠાણ દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મો. હનીફ દાદુ તથા એમ.પી. મનસુરી દ્વારા કરવામાં આવી હતી.

## ગાંભોઈમાંથી ૨ લાખની બોલેરો જીપ ચોરાઈ

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામમાંથી સોમવારે વહેલી સવારે ઘર આગળ પાર્ક કરેલી રૂ. ૨ લાખની મહિન્દ્રા બોલેરો જીપ કોઈ ગઠિયો ચોરી જતા વાહન ચોરીની ઘટના અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

## મોતીપુરા જી.આઈ.ડી.સી. માંથી સગીરાને ભોલેશ્વરનો યુવક ભગાડી ગયો

હિંમતનગરના મોતીપુરામાં આવેલી જીઆઈડીસીમાં મજુરી અર્થે ગયેલી સગીરાને લગ્ન તેમજ જારકર્મ કરવાના ઈરાદે લલચાવી - ફોસલાવી ભોલેશ્વરનો યુવક પાંચેક દિવસ અગાઉ ભગાડી જતા દિકરીના પિતાએ ઘટના અંગે રવિવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મૂળ તલોદના ગંભીરપુરાના વતની અને હાલમાં હિંમતનગરના મોતીપુરા ખાતે રહેતા ધુળાભાઈ નાડિયાની સગીરવયની દિકરી મોતીપુરા જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીમાં મજુરી અર્થે ગઈ હતી. પાંચેક દિવસ અગાઉ મૂળ ભોલેશ્વરનો પણ હાલમાં મોતીપુરાની ભગવતી સિરામીકમાં રહેતો વિપુલ ઈશ્વરભાઈ વણકર નામનો યુવક સગીરા સાથે લગ્ન તેમજ જારકર્મ કરવાના ઈરાદે લલચાવી - ફોસલાવી ભગાડી ગયો હતો.